બુથ લેવલ ઓફિસર (બી.એલ.ઓ.) તરીકે ફરજ બજાવતા સરકારી/બિનસરકારી ગ્રાન્ટેડ (પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તેમજ કોલેજના) શાળા/કોલેજના શૈક્ષણિક તેમજ કારકુની સંવર્ગના કર્મચારીઓને જાહેર રજાના દિવસે ચૂંટણી સંબંધી ફરજ બજાવવા બદલ વળતર રજા મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: બમશ-૧૦૨૦૧૩-૧૭૦-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૪-૧૦-૨૦૧૩

**<u>વંચાણે લીધા:</u>**

(૧) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: ઓએફટી-૧૦૮૦-૧૪૬૬-ઘ, તારીખ: ૩૧/૩/૧૯૮૨
(૨) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: ઓએફટી-૧૦૮૨-૪૭૦૯-ઘ, તારીખ: ૧૧/૬/૧૯૮૨
(૩) સામાન્ય વહીવટ વિભાગની યુ.ઓ.આર. ફાઈલ ક્રમાંક: ઈએલઆર-૧૦૨૦૧૩/૩૪૪૯/છ તારીખ: ૬/૯/૨૦૧૩

**<u>પરિપત્ર:</u>**

ઉપર આમુખમાં દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તારીખ: ૩૧/૩/૧૯૮૨ તથા તારીખ: ૧૧/૬/૧૯૮૨ના પરિપત્રોથી કોઈ પણ સરકારી કર્મચારીને જાહેર રજાના દિવસે કચેરીમાં ફરજ ઉપર બોલાવવામાં આવે ત્યારે નિયમાનુસાર મળવાપાત્ર વળતર રજા આપવા અંગેના આદેશો કરવામાં આવેલ છે.

૨. આગામી લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૧૪ની પૂર્વતૈયારી માટે ભારતના નિર્વાચન આયોગની સૂચના મુજબ પ્રત્યેક મતદાન મથક માટે એક બુથ લેવલ ઓફિસર (બી.એલ.ઓ.)ની નિમણૂંક કરવા માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. બુથ લેવલ ઓફિસર તરીકે સરકારી / બિનસરકારી ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તેમજ કોલેજના શૈક્ષણિક તથા કારકુની સંવર્ગના કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવે છે. જેઓએ આખરી સંકલિત મતદાર યાદીમાં સમાવિષ્ટ મતદારોના ફોટોગ્રાફ સાથેની મતદાર કાપલી (voter-slip) નું ઘરે-ઘરે ફરી વિતરણ કરવું, બુથ લેવલ રજીસ્ટર તૈયાર કરવું વગેરે કામગીરી કરવાની રહે છે.

૩. બી.એલ.ઓ. તરીકે નિમણૂંક પામતા કર્મચારીઓએ તા.૨૩/૬/૧૩ થી તા.૧૫/૭/૧૩ દરમિયાન તેમજ તા.૭/૭/૧૩, તા.૪/૮/૧૩, તા.૧/૯/૧૩, તા.૬/૧૦/૧૩, તા.૩/૧૧/૧૩ અને તા.૧/૧૨/૧૩ તથા અન્ય જાહેર રજાના દિવસે ફરજ બજાવવાની રહે છે. આ કર્મચારીઓ તેમના કૌટુંબિક અને સામાજિક સુખના ભોગે આ કામગીરી બજાવે છે. આ કામગીરી માટે સંબંધિત કર્મચારીઓને જાહેર રજાના દિવસે ફરજ બજાવવા બદલ વળતર રજા આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી., આથી આ અંગે નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે:

(૧) સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભમાં જણાવેલ તા.૩૧/૩/૧૯૮૨ તથા તા.૧૧/૬/૧૯૮૨ના પરિપત્રોની જોગવાઈ મુજબ બુથ લેવલ ઓફિસર (બી.એલ.ઓ.) તરીકે જાહેર રજાના દિવસે ફરજ બજાવવા બદલ જે કર્મચારીએ ૩:૩૦ કલાક કે તેથી ઓછા સમય માટે પરંતુ બે કલાકથી ઓછી નહિ

તેટલી ફરજ બજાવેલ હોય તો અડધા દિવસની અને ૩:૩૦ કલાક કરતા વધારે સમય માટે ફરજ બજાવેલ હોય તો આખા દિવસની વળતર રજા મળવાપાત્ર થશે.

(૨) આ વળતર રજા જે તે કેલેન્ડર વર્ષમાં ભોગવી લેવાની રહેશે. નવું કેલેન્ડર વર્ષ શરૂ થતા બાકી રહેલી વળતર રજાઓ આપોઆપ વિલય (Lapse) થયેલી ગણવાની રહેશે.

(૩) એક સાથે ફક્ત એક જ વળતર રજા મંજૂર કરી શકાશે.

(૪) આ રજાને નિયમિત રજા, પરચૂરણ રજા કે અન્ય રજાઓની સાથે આગળ-પાછળની રજાઓના અનુસંધાનમાં જોડી શકાશે.

(૫) બુથ લેવલ ઓફિસર (બી.એલ.ઓ.) દ્વારા કરવામાં આવતી કામગીરી અંગેની વિગતો / રેકર્ડ જિલ્લા શિક્ષણાધિકારી / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ નિભાવવાનું રહેશે. આ અંગેની ચકાસણી જિલ્લા ક્લેક્ટરશ્રી તથા ચૂંટણી અંગેની કામગીરી સાથે સંકળાયેલ કોઈ પણ અધિકારી દ્વારા કરી શકાશે; અને તેમાં ક્ષતિયુક્ત કામગીરી માટે બુથ લેવલ ઓફિસર (બી.એલ.ઓ.) સામે શિસ્ત વિષયક કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૬) તમામ જિલ્લા શિક્ષણાધિકારી / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓએ આ સૂચનાઓ તેમના હસ્તકની શાળાઓને પરિપત્રિત કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.ડી.હળપતિ)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- બધા મંત્રીશ્રીઓ /રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ટેક્નીકલ શિક્ષણની કચેરી, ગાંધીનગર.
- ચૂંટણી પ્રભાગ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફતે)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફતે)
- શિક્ષણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ
- શિક્ષણ વિભાગના સર્વે અધિકારીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- સિલેક્ટ ફાઈલ
- શાખા સંગ્રહ

બુથ લેવલ ઓફિસર (બી.એલ.ઓ.) તરીકે ફરજ બજાવતા સરકારી/બિનસરકારી ગ્રાન્ટેડ (પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તેમજ કોલેજના) શાળા/કોલેજના શૈક્ષણિક તેમજ કારકુની સંવર્ગના કર્મચારીઓને જાહેર રજાના દિવસે ચૂંટણી સંબંધી ફરજ બજાવવા બદલ વળતર રજા મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: બમશ-૧૦૨૦૧૩-૧૭૦-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧-૧૧-૨૦૧૩

<u>વંચાણે લીધા:</u> (૧) શિક્ષણ વિભાગનો તા.૪-૧૦-૨૦૧૩ નો પરિપત્ર ક્રમાંક: બમશ-૧૦૨૦૧૩-૧૭૦-ગ

<u>પરિપત્ર:</u>

આમુખના ક્રમાંક (૧)માં દર્શાવેલ વિભાગના તા.૪-૧૦-૨૦૧૩ના સમાન ક્રમાંકના પરિપત્રથી બુથ લેવલ ઓફિસર (બી.એલ.ઓ.) તરીકે ફરજ બજાવતા સરકારી/બિનસરકારી ગ્રાન્ટેડ (પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તેમજ કોલેજના) શાળા/કોલેજના શૈક્ષણિક તેમજ કારકુની સંવર્ગના કર્મચારીઓને જાહેર રજાના દિવસે ચૂંટણી સંબંધી ફરજ બજાવવા બાબતની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે, અને પરિપત્રમાં ફકરા ૩. અન્વયે સંબંધિત કર્મચારીઓને જાહેર રજાના દિવસે ફરજ બજાવવા બદલ વળતર રજા આપવા બાબતે પણ સરકારશ્રી દ્વારા સૂચનાઓ આપવામાં આવેલ છે. ઉક્ત પરિપત્રના ફકરા-૩ માં જણાવેલ તારીખો ઉપરાંત જ્યારે જ્યારે પણ જાહેર રજાના દિવસે બૂથ લેવલ ઓફિસર તરીકેની ફરજો બજાવે ત્યારે તેમને વળતર રજા આપવાની રહેશે. પરિપત્રથી આપેલ સૂચનાઓ પૈકી સૂચના નં. (૫) આથી રદ કરી તેને બદલે નીચે મુજબની સૂચના ધ્યાનમાં લેવાની રહેશે.

<u>સુધારેલ સૂચના:</u> બુથ લેવલ ઓફિસર (બી.એલ.ઓ.) દ્વારા કરવામાં આવતી કામગીરી અંગેની વિગતો/રેકર્ડ જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીઓના સંબંધિત અધિકારીઓએ નિભાવવાનું રહેશે અને જ્યારે જ્યારે તેમને નિયમ મુજબ આખી કે અડધી વળતર રજા મળવાપાત્ર થતી હોય તે રજાઓ નિયમિતપણે જમા થાય તે જોવાનું રહેશે. આવી કાર્યવાહી યોગ્ય રીતે થાય છે કે કેમ તે અંગેની ચકાસણી જિલ્લા કલેક્ટરશ્રી તથા ચૂંટણી અંગેની કામગીરી સાથે સંકળાયેલ કોઈ પણ અધિકારી દ્વારા કરી શકાશે; અને સૂચના મુજબ કાર્યવાહી થયેલ નહિ હોવાનું ધ્યાન પર આવશે તો સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીઓના જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ સામે શિસ્ત વિષયક કાર્યવાહી હાથ ધરવાની કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.બી.ભટ્ટ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,
- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(પાછળ જુઓ)